ગાંધીનગર સમાચાર

**પસંદગીના નંબરોની હરાજી માટે નવી પદ્ધતિને નબળો પ્રતિસાદ**





(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં કલાકારો છવાયા - આજકાલ ગાંધીનગરના માર્ગો પર કલાકારો છવાયેલા જોવા મળે છે... હજુ હમણા જ ગુજરાતી ફિલ્મનું નિર્માણ કાર્ય પુરું થયું ના થયું ત્યાં તો વધુ એક ગુજરાતી ચલચિત્રના ખૂબ જ લોકપ્રિય કલાકારો અભિનિત ફિલ્મનું શુટીંગ ચાલી રહ્યું છે... અનેક સ્થાનો પર લોકપ્રિય કલાકારોને જોવા શહેરીજનો ઉમટે છે... ગાંધીનગર સ્થિત બે લોકપ્રિય કલાકારો શહેરમાં શુટીંગ કરતા કલાકારો ક્યારે હળવા મુડમાં પણ જોવા મળ્યા હતા ત્યારે શહેરીજનો પણ તેમની સાથે સેલ્ફી લેવા માટે પડાપડી કરતા નજરે પડ્યા હતા....

# જિલ્લા પંચાયતની પ્રથમ સભાનું અધ્યક્ષસ્થાન મનપા કમિશ્નર જી.આર. ચૌધરી સંભાળશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રથમ સભા ૨૨મી ડિસેમ્બરના રોજ મ્યુનિ. કમિશ્નર શ્રી જી.આર. ચૌધરીના અધ્યક્ષસ્થાને મળશે.

૨૨મીએ સાંજે ૪ વાગે પંચાયતની પ્રથમ સભા મળશે જેમાં પંચાયતના નવા પ્રમુખની વરણીનું કામ જ હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ બેઠકનું અધ્યક્ષસ્થાન સામાન્યતઃ જિલ્લા કલેક્ટર શોભાવતા હોય છે પણ ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર આ દિવસોમાં રજા પર હોવાથી સભાના અધ્યક્ષ તરીકે મ્યુનિ. કમિશ્નર શ્રી જી.આર. ચૌધરી શોભાવશે.

આ અંગેના જરૂરી વહીવટીય આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. જિલ્લા ંચાયતની ચૂંટણીઓ તાજેતરમાં જ સંપન્ન થઈ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખની મુદત આમ તો ૧૧-૧૧-૨૦૧૫ના રોજ પૂર્ણ થઈ ગઈ છે. નવા પ્રમુખની નિમણુંકમાં સવા મહિના જેટલો વિલંબ થયો છે.

પંચાયતોની ચૂંટણીઓ સમય કરાતં મોડી યોજાતાં આ વિલંબ થયો છે.

જિલ્લામાં આ વખતે સતત ચોથી ટર્મ કોંગ્રેસ પક્ષે વિજય મેળવી વિજયનો એક અનોખો વિક્રમ નોંધાવ્યો છે. જિલ્લા પંચાયતના પ્રમુખની બેઠક સામાન્ય હોવાથી આ વખતે કોંગ્રેસ પક્ષમાં પણ ભારે રસાકસી જોવા મળી રહી છે. જોકે ગઈકાલે જ ચૂંટાયેલા સભ્યોની બેઠકમાં હોદ્દેદારોની નિયુક્તીની સત્તા પ્રદેશ નેતાગીરીને પ્રસ્તાવ પસાર કરીને સોંપવામાં આવી છે.

**૨૨મીએ સાંજે ચાર વાગે પ્રથમસભા મળશે જેમાં નવા પ્રમુખની ચૂંટણી હાથ ધરવામાં આવશે : નવા પ્રમુખની નિયુક્તીમાં સવા મહિનાનો વિલંબ**

# ડિસેમ્બર અંત સુધીમાં 'ઘ' માર્ગ ચકાચક બની જશે : કામ શરૂ

ગાંધીનગર, તા.૧૧

ચાર વર્ષના અંતે શહેરના મુખ્ય 'ઘ' માર્ગના નવીનીકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. શહેરનો મુખ્ય માર્ગ છેલ્લા ૬ મહીનાથી ઉબડ ખાબડ હાલતમાં હોવાથી વાહનચાલકોએ હાલાકી વેઠવી પડતી હતી. આખરે 'ઘ' માર્ગને ચકાચક બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. ઘ માર્ગ પાછળ અંદાજિત રૂ.૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

**રોડ નં. ૬નું કામ પૂર્ણ : મુખ્યમાર્ગને લીસ્સો બનાવવા ૫ કરોડ ખર્ચાશે**

શહેરના રોડ નેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફીકેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આ દરમિયાન શહેરના 'ઘ' માર્ગનું કામ બાકી રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ ચોમાસા દરમિયાન નગરના મુખ્યમાર્ગનું સદંતર ધોવાણ થતા માર્ગ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. છેલ્લા ૬ મહીનાથી 'ઘ' માર્ગ બિસ્માર બનતા વાહનચાલકોને પણ પારાવાર હાલાકી વેઠવી પડતી હતી. પાટનગર યોજના ભવન દ્વારા શહેરના વિવિધ માર્ગોની સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. કોલવડાથી અક્ષરધામ સુધીના માર્ગનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. જયારે હવે નગરના મુખ્ય 'ઘ' માર્ગની સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ઘ-૦ થી ઘ-૭ સુધીના નગરના મુખ્યમાર્ગને ચકાચક બનાવી દેવાશે. સરકારી પ્લાનના આધારે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. ચાલુ મહીનાના અંત સુધીમાં મુખ્યમાર્ગની સુધારણાનું કામ પૂર્ણ કરી દેવાશે. 'ઘ' માર્ગને લીસો બનાવવા અંદાજિત રૂ. ૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં ઠંડીનો ચમકારો

ગાંધીનગર, તા. ૧૧

એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો ૮ ડિગ્રી જેટલો ઘટતા શહેરમાં ઠંડીનો જોરદાર ચમકારો જોવા મળ્યો હતો. જનજીવન પર ઠંડીની ઘેરી અસર જોવા મળી હતી.

હજુ એક દિવસ પહેલાં જ લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી જેટલુ અને મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી જેટલું ઉંચુ નોંધાયા બાદ જમ્મુ-કાશ્મીરમાં થયેલી હીમવર્ષાની સીધી અસર હેઠળ ગુજરાત-સૌરાષ્ટ્રમાં તાપમાનમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. હીમવર્ષાની અસરના કારણે ગઈકાલ સાંજથી જ વાતાવરણમાં ઠંડક પ્રસરવા માંડી હતી. જે સવાર પડતા વધુ ઘેરી બની હતી. વહેલી સવારે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સુધી નીચે ઉતરી ગયું હતું. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૮ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. વહેલી સવારે ઠંડીની અસર ઘેરી બનતા શાળાએ જતાં વિદ્યાર્થીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. લઘુત્તમ તાપમાનમાં નોંધાયેલા ઘટાડા બાદ આજે આખો દિવસ વાતાવરણમાં ઠંડક છવાયેલી જોવા મળી હતી. બપોરના સમયને બાદ કરતાં દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી ઠંડી અનુભવાઈ હતી. સૂર્યાસ્ત થતાં જ ઠંડીના કારણે વસાહતીઓ ઘરમાં ભરાઈ ગયા હતા. માર્ગો પર વાહનોની અવરજવર એકદમ પાંખી થઈ ગઈ હતી. સેક્ટરોના આંતરિક વિસ્તારો જાણે માનવવસ્તી વિનાના થઈ ગયા હતા. યુવાનો ટોળે વળીને ક્યાંક ક્યાંક તાપણુ કરતા નજરે ચઢતા હતા. એકાદ બે દિવસ હજુ ઠંડીનું જોર રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

**જમ્મુ-કાશ્મીરમાં થયેલી હિમવર્ષાના કારણે એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી જેટલુ ગગડી ગયુ મહત્તમ તાપમાનમાં પણ પાંચ ડિગ્રીનો ઘટાડો**

# પસંદગીના નંબરોની હરાજી માટે નવી પદ્ધતિને નબળો પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૧૧

આરટીઓ દ્વારા પસંદગીના નંબર માટે અમલી બનાવાયેલી નવી ગોલ્ડન અને સિલ્વર પદ્ધતિને નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. થ્રી વ્હીલર અને ફોર વ્હીલરની નવી સીરીઝ માટે પસંદગીના નંબરોની હરાજી માટે ત્રીજીવાર હરાજી કરવાની ફરજ પડી હતી. જેમાં કુલ ૨૮ અરજીઓ મળી હતી. આ પૈકી ૯ ફોર્મ નામંજૂર થતા પણ આરટીઓને રૂ. ૧૨૩,૧૩૧ની આવક થઈ હતી.

આરટીઓ કચેરી દ્વારા વાહનચાલકોને પસંદગીના નંબરો ફાળવવા માટે ગોલ્ડન અને સિલ્વર કેટેગરી મુજબની પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. જેમાં ગોલ્ડનમાં ૨૭ નંબરો અને સિલ્વરમાં ૭૨ નંબરોનો સમાવેશ થાય છે. થ્રી વ્હીલરમાં નવી સીરીઝ સી.એન. માટે ૧૫ જેટલા અરજદારોને પસંદગીના નંબરો ફાળવવામાં આવ્યા હતા. જ્યારે એક ફોર્મ રીજેક્ટ થયું હતું. જેના અંતે આર.ટી.ઓ.ને રૂ. ૫૫૭૪૩ની આવક થઈ હતી. જ્યારે ફોર વ્હીલરમાં કુલ ૧૨ અરજદારો પૈકી ૮ ફોર્મ નામંજૂર થયા હતા.

જ્યારે ૪ કિસ્સામાં પસંદગીના નંબરોની ફાળવણી કરવામાં આવી હતી. ફોર વ્હીલરના નંબરોની હરાજીના અંતે આરટીઓને રૂ. ૬૭૩૮૮ની આવક થઈ હતી. આરટીઓમાં પસંદગીના નંબરો મેળવવા માટે અરજદારોએ વાહનખરીદીના ૭ દિવસમાંજ અરજી કરવી પડે છે. આ મુદત વધારી એક મહીના સુધીની કરવી જોઈએ તેવો પણ સૂર ઉઠવા પામ્યો છે. આરટીઓની નવી પદ્ધતિ મુજબ પસંદગીના નંબરો મેળવવા વાહનમાલિકો નિરસતા દાખવી રહ્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

**ફોર વ્હીલર અને ટુ વ્હીલરની નવી સીરીઝ માટે ત્રીજીવાર હરાજી પ્રક્રિયા થઈ છતાં મોટાભાગના નંબરો બાકી : આરટીઓ કચેરીને ૧.૨૩ લાખની આવક**

# સોમવારે મહેસુલી અધિકારીઓની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૧૪મી ડિસેમ્બરના રોજ જિલ્લા કલેક્ટરશ્રીએ મહેસુલી અધિકારીઓની એક મહત્વની બેઠક બોલાવી છે.

સાંજે મળનારી આ બેઠકમાં જિલ્લા કલેક્ટર કચેરીનો વાર્ષિક વહીવટીય અહેવાલ તૈયાર કરવા ઉપરાંત જિલ્લાના રી-સર્વેની કામગીરીની સમીક્ષા, કલેક્ટર કચેરીમાં પડતર તુમાર, વારસાઈની નોંધો જે નિકાલ થયા વગરની છે તે સહિતના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે.

જિલ્લામાં તુમાર નિકાલ ૩૧ ડિસેમ્બર સુધીમાં પુર્ણ કરવા માટે તાકીદ કરવામાં આવેલી છે. તેમજ ડિસેમ્બર માસને સરકાર પણ તુમાર નિકાલ માસ તરીકે ઉજવતી હોય છે. બીજી તરફ જિલ્લાના રિસર્વેની કામગીરીમાં ગતિ આવે તે માટે આ બેઠકમાં કડક તાકીદ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં વારસાઈ નોંધો નિકાલ થયા વિનાની મોટી સંખ્યામાં પડતર હોવાનું રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા ધ્યાને આવતાં જિલ્લા કલેક્ટરશ્રીને ઉચ્ચકક્ષાથી નારાજગીનો સામનો કરવો પડ્યો હતો આથી આ બેઠકમાં આ મુદ્દે પણ ચર્ચાઓ અને અહેવાલ અગત્યનો બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

## મતદારયાદીની સુધારણા-૨૦૧૬

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૬ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૫-૧૨-૨૦૧૫ થી તા. ૨૦-૧૨-૨૦૧૫ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ફોટા વગરની મતદારયાદી આપ વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપર પણ જોઈ શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૬ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૧૩-૧૨-૨૦૨૧૫, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંથી વિગતો જાણી શખાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર કામકાજના સમયે સંપર્ક કરો**

**યાદ રાખો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.**

**અરજી કરવાની તારીખ : ૫-૧૨-૨૦૧૫ થી ૨૦-૧૨-૨૦૧૫ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૧૯૮૭/૧૫-૧૬ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

**દિવ મહોત્સવ**

સરકારી વાણિજ્ય કોલેજ-ગાંધીનગરના ૧૯૯૮ સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો દિવ ખાતે પ્રવાસ યોજવાનો મારો વિચાર છે. જેઓ પ્રવાસમાં જોડાવા માગતા હોય તેમણે તા. ૧૭/૧૨/૨૦૧૫ને ગુરૂવાર સુધીમાં સંપર્ક કરવો.

પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ સર

સંપર્ક : ૯૪૨૭૫ ૨૭૩૯૬, ૯૦૯૯૯ ૨૭૭૯૨





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ગાંધીનગર માટે**

LED T.V., LCD T.V., Colour T.V.

રીપેરીંગ માટે ફોન કરો

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઘ-૩ સર્કલ ૭મી વખત

**ARAVALLI Art & Craft Festival - 2015**

ટૂંક સમયમાં શુભારંભ

પ્રદર્શન અને વેચાણ

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

સ્ટોલ બુકીંગ માટે સંપર્ક : 8000034733, 9413640038

એન્ટ્રી પાર્કીંગ ફ્રી

ઘ-૩ સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com